બિસ્મીલ્લાહીર રહમાનીર રહીમ સલ્લલ્લાહો અલય્ક યા વલીય્લ અસ્રે અદરીકના

# હદીસે નૂર ઉપર એક નઝર

હદીસે નૂરને ઘણા બધા સુન્ની અને શીઆ આલીમોએ વિગતવાર પોતાની ભરોસાપાત્ર કિતાબોમાં અમૂક ફેરફારોની સાથે વર્ણન કરી છે. આલીમોએ આ હદીસને રસુલે ખુદા (સ.અ.વ.) અને આપની પાકીઝા એહલેબૈત (અ.મુ.સ.)ની ફઝીલતોને સાબીત કરવા માટે રજુ કરી છે. આ રિવાયત ભરોસાપાત્ર સનદોની સાથે હોવા છતાં અને ઘણી બધી જગ્યાએ વર્ણન કરવામાં આવી હોવા છતાં કારણ વગર ટિપ્પણી કરનારાઓ અને મઝહબના વિરોધીઓએ તે કોશિશો કરી છે કે આ હદીસના લખાણ અને હદીસના રાવીઓની ભરોસાપાત્રતા ઉપર શંકાઓ ઉભી કરે.

આ હદીસમાંથી એક મહત્ત્વનું પરિણામ એ નીકળે છે કે રસુલે ખુદા (સ.અ.વ.)ની પછી તરત જ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) મુસલમાનોના ખલીફા અને ઈમામ છે. આ એજ પયગામ છે કે જેને દુશ્મનોએ અને નકામી ટિપ્પણી કરનારાઓએ છુપાવવાનો પ્રયત્ન કર્યો છે અથવા કમ સે કમ તેની ભરોસાપાત્રતા ઉપર શંકાઓ ઉભી કરીને હક્ક ઉપર પર્દો નાખવાનો પ્રયત્ન કર્યો છે. આવા બેબુનિયાદ શક અને શંકાઓને દૂર કરવા માટે આપણે આ હદીસ ઉપર એક ઉડતી નઝર કરીશું.

## હદીસે નૂરઃ

હદીસે નૂરને ઘણા બધા શીઆ અને એહલે સુન્નતના આલીમોએ વર્ણન કરી છે. અમે અહીં આ હદીસના સામાન્ય લખાણને રજુ કરીએ છીએ કે જેમાં એક સામાન્ય સંદેશ છે જેનું શીઆ અને સુન્ની આલીમોએ સમર્થન કર્યુ છે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*‘હું અને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) અલ્લાહની સમક્ષ હઝરત આદમ (અ.સ.)ની ખિલ્કતના ૧૪૦૦૦ વર્ષ પહેલા એક જ નૂર હતા. જ્યારે અલ્લાહે હઝરત આદમ (અ.સ.)ને પૈદા કર્યા તો આ નૂરને તેમની સુલ્બમાં રાખી દીધું. અમે બંને એક સાથે (તેમની સુલ્બમાં) એક નૂર હતા અને જનાબે અબ્દુલ મુત્તલીબ (અ.સ.)ની સુલ્બમાં જુદા થયા પછી મને નુબુવ્વતથી નવાઝવામાં આવ્યો અને અલી (અ.સ.)ને ખિલાફતથી.’*

એહલે સુન્નતના ઘણા બધા આલીમોએ પોતાની કિતાબોમાં આ હદીસને લખી છે જેમના નામો નીચે મુજબ છેઃ

- એહમદ ઈબ્ને હમ્બલે પોતાની મુસ્નદમાં.
- મીર સૈયદ અલી હમદાની એ મવદ્દતુલ કુરબામાં.
- ઈબ્ને મગાઝેલી શાફેઈએ મનાકીબમાં.
- મોહમ્મદ ઈબ્ને તલ્હા શાફેઈએ મતાલેબુસ્સોઉલ ફી ફઝાએલીલ મુર્તઝા વલ બતુલ વસ સીબ્તૈનમાં.
- ખ્વારઝમીએ મનાકીબમાં.
- અબ્દુલ હમીદ ઈબ્ને અબીલ હદીદે શરહે નહજુલ બલાગાહમાં.
- હાફીઝ સુલૈમાન કુન્દુઝીએ યનાબીઉલ મવદ્દતમાં.

આ ઉપરાંત બીજા ઘણા બધા સુન્ની આલીમો છે જેઓ આ વાત ઉપર એકમત છે કે આ હદીસ ભરોસાપાત્ર સનદો ધરાવે છે કે જેનું વર્ણન એક અલગ શીર્ષક હેઠળ કરવું યોગ્ય છે.

## હદીસે નૂર - શીઆ રિવાયત મુજબઃ

શીઆ સુન્ની આલીમોએ આ હદીસને ઘણી બધી જગ્યાએ નોંધ કરી છે પરંતુ શીઆઓમાં આ હદીસનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. પરિણામે આ હદીસ રસુલે ખુદા (સ.અ.વ.) અને તેમની એહલેબૈત (અ.મુ.સ.)ની ફઝીલતોમાં વધારો કરે છે.

ટૂંકાણને ધ્યાનમાં રાખીને અમે અહીં શીઆ હવાલાઓનું વર્ણન નથી કર્યુ કારણકે આ હદીસને ઘણી બધી જગ્યાએ ભરોસાપાત્ર રાવીઓ દ્વારા નોંધવામાં આવી છે તેમજ આ હદીસના ભરોસાપાત્ર હોવાના બારામાં શીઆઓમાં કોઈ વિરોધાભાસ પણ નથી.

અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી નકલ ફરમાવ્યું છે કેઃ

*'અલ્લાહે મારા અને અલી (અ.સ.)ના નૂરને અર્શની નીચે આદમ (અ.સ.)ની ખિલ્કતના ૧૨,૦૦૦ વર્ષ પહેલા પૈદા કર્યુ. જ્યારે અલ્લાહે આદમ (અ.સ.)ને પૈદા કર્યા તો આ નૂરને તેમની સુલ્બમાં રાખ્યુ અને આ નૂર એક સુલ્બમાંથી બીજી સુલ્બમાં સ્થળાંતર થતું રહ્યું. અહીં સુધી કે જ. અબ્દુલ મુત્તલીબ (અ.સ.) સુધી પહોંચ્યું અને ત્યાંથી આ નૂર બે ભાગમાં વહેંચાઈ ગયું.'*

મઆઝ ઈબ્ને જબલે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી ફરમાવ્યુઃ

*'બેશક અલ્લાહે મને, અલી (અ.સ.), ફાતેમા (સ.અ.), હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ને દુનિયાની ખિલ્કતના ૭,૦૦૦ વર્ષ પહેલા પૈદા કર્યા.'*

મઆઝ ઈબ્ને જબલે પુછયુંઃ અય અલ્લાહના રસુલ (સ.અ.વ.)! તે સમયે આપ હઝરાત કયાં હતાં? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'અમે અર્શની નીચે અલ્લાહની તસ્બીહ, તમજીદ અને તકદીસ કર્યા કરતા હતા.'*

મઆઝે પુછયુંઃ તે સમયે આપ કયા સ્વરૂપમાં હતા?? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'અમે નૂરના સ્વરૂપમાં હતા. જ્યારે અલ્લાહે અમને આકાર આપવાનો ઈરાદો કર્યો તો તેણે અમને નૂરના સ્તંભના સ્વરૂપમાં આદમ (અ.સ.)ની સુલ્બમાં રાખ્યા. પછી તેણે આ નૂરનું સુલ્બમાંથી ગર્ભમાં સ્થળાંતર કર્યું. તેણે અમને હંમેશા નજાસતો, શીર્ક અને ઝીનાથી પાક રાખ્યા કે જે બાબતો કુફ્રના ઝમાનામાં સર્વ સામાન્ય હતી. દરેક ઝમાનામાં અમૂક લોકો અમારા ઉપર ઈમાન ધરાવવાના લીધે ખુશબખ્ત કહેવાયા અને બીજા ઘણા બધા લોકો અમારો ઈન્કાર કરવાના કારણે બદબખ્ત થયા. જ્યારે તે અમને જનાબે અબ્દુલ મુત્તલીબ (અ.સ.)ની સુલ્બમાં લાવ્યો તો તેણે અમારા બે ભાગ કર્યા. એક ભાગને જ. અબ્દુલ્લાહ (અ.સ.)ની સુલ્બમાં રાખ્યો અને બીજા ભાગને જનાબે અબુ તાલિબ (અ.સ.)ની સુલ્બમાં રાખ્યો. ત્યારબાદ મારૂં નૂર (મારી માતા) જનાબે આમેના (સ.અ.)માં સ્થળાંતર થયું અને તે નૂરનો બીજો હિસ્સો (અલી અ.સ.ની માતા) જનાબે ફાતેમા બિન્તે અસદ (સ.અ.)માં સ્થળાંતર થયું. મારી વિલાદત જ. આમેના (સ.અ.)થી થઈ અને અલી (અ.સ.)ની વિલાદત જનાબે ફાતેમા બિન્તે અસદ (સ.અ.)થી થઈ. પછી તે નૂર મારી તરફ પાછુ ફર્યુ અને મારી દિકરી ફાતેમા (સ.અ.)ની વિલાદત થઈ. તે જ રીતે આ નૂર અલી (અ.સ.) તરફ પાછુ ફર્યુ અને તે બંને નૂર એટલે કે અલી (અ.સ.) અને ફાતેમા (સ.અ.)ના નૂરથી હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ની વિલાદત થઈ. આ*

*રીતે મારૂ નૂર ઈમામ હુસૈન (અ.સ.)ની નસ્લ થકી કયામત સુધી આવનારા ઈમામો (અ.મુ.સ.)માં સ્થળાંતર થયું.'*

ઉપરોકત હદીસથી એ સ્પષ્ટ થાય છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)નું નૂર હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના માનનીય નૂરથી છે. અને હઝરત અલી (અ.સ.)નો મરતબો હિદાયત અને સઆદતમાં એ જ છે જે રસુલે અકરમ (સ.અ.વ.)નો મરતબો છે. ફર્ક ફકત એ છે કે અલી (અ.સ.) ઈમામ અને ખલીફા છે અને નબી નથી. તેવી જ રીતે તે બધા ઈમામો (અ.મુ.સ.) કે જે તેમની નસ્લમાંથી છે તેઓ પણ તે જ મરતબો અને મન્ઝેલત રાખે છે. જેવી રીતે રસુલે ખુદા (સ.અ.વ.)ની મહાનતા અને સર્વોચ્ચતાનો ઈન્કાર નથી થઈ શકતો કારણકે તેમ કરવું કુફ્ર છે. તેવી જ રીતે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની મહાનતા અને સર્વોચ્ચતાના બારામાં એવો શક કરવો કે તેઓ (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.)ની પછી ઈમામ અને તેમના બિલા ફસ્લ ખલીફા છે કે નહિ તે પણ કુફ્ર છે.

વધુમાં આ હદીસ તે વાત તરફ પણ ધ્યાન દોરે છે કે હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) અને અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના બધા બાપ-દાદાઓ કુફ્ર અને નિફાકથી દુર અને પાક છે કે જેમાં જનાબે અબુ તાલિબ (અ.સ.), જનાબે અબ્દુલ્લાહ (અ.સ.) અને હઝરત આમેના (સ.અ.) જેવી શખ્સીય્યતો પણ શામેલ છે કે જેઓને દીનના દુશ્મનોએ નિશાન બનાવ્યા છે અને જેમના ઉપર લગાતાર અને ગેરવ્યાજબી રીતે કુફ્રના આક્ષેપો કરવામાં આવ્યા છે. જ્યારે કે હદીસે નૂરના આધારે આ બધા હઝરાત મોઅમીન છે અને તેમના ઉપર કુફ્રનો પડછાયો પણ નથી પડયો.

એક બીજી હદીસમાં જોવા મળે છે કે રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

*'જ્યારે આદમ (અ.સ.)ને પૈદા કરવામાં આવ્યા ત્યારે આ નૂરને તેમની સુલ્બમાં રાખવામાં આવ્યું. જ્યારે તેઓ જન્નતમાં હતા ત્યારે આ નૂર તેમનામાં હતું. જ્યારે હઝરત નૂહ (અ.સ.) કશ્તીમાં સવાર થયા ત્યારે આ નૂર તેમની સુલ્બમાં હતું. જ્યારે ઈબ્રાહીમ (અ.સ.)ને આગમાં નાખવામાં આવ્યા ત્યારે આ નૂર તેમનામાં મૌજુદ હતું. આ નૂર પાકીઝા સુલ્બોમાંથી પાકીઝા ગર્ભોમાં સ્થળાંતર થતું રહ્યુ. અહીં સુધી કે આ નૂર જ. અબ્દુલ મુત્તલીબ (અ.સ.) સુધી પહોંચ્યું. પછી આ નૂર બે ભાગોમાં વહેંચાઈ ગયું. મને નુબુવ્વતથી નવાઝવામાં આવ્યો અને અલી (અ.સ.)ને ઈમામતથી નવાઝવામાં આવ્યા.'*

આવી રીતે આ નૂર અલ્લાહે મોકલેલા નબીઓ અને રસુલો (અ.મુ.સ.)ની કસોટીઓમાં તેમના રક્ષણના જામીન બન્યા.

કુરઆનમાં ઘણી બધી આયતો છે કે જેમાં આ નૂરની પાકીઝગીનું વર્ણન કરવામાં આવ્યું છે. આપણે અહીં એક આયતનો ઉલ્લેખ કરીશું.

એક શખ્સે રસુલુલ્લાહ (સ.અ.વ.)ને નીચેની આયતના બારામાં સવાલ કર્યો:

*''તેણે (અલ્લાહે) કહ્યું: અય ઈબ્લીસ! કઈ વસ્તુએ તને તેને સજદો કરવાથી રોકયો કે જેને મેં પોતાના હાથો વડે ખલ્ક કર્યો છે. શું તે ઘમંડ કર્યો અથવા તુ બુઝુર્ગ લોકોમાંથી થઈ ગયો છો?''*

(સુરએ સાદ ૩૮:૭૫)

તે શખ્સે પુછયુ: તે લોકો કોણ છે જે ફરિશ્તાઓ કરતા પણ બલંદ અને બુઝુર્ગ છે? રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

*'હું (સ.અ.વ.), અલી (અ.સ.), ફાતેમા (સ.અ.), હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.). અમે અર્શની નીચે અલ્લાહની તસ્બીહ કરતા હતા. અમારી તસ્બીહ કરવાથી ફરિશ્તાઓ તસ્બીહ કરતા શીખ્યા... પછી અલ્લાહે ફરિશ્તાઓને હુકમ આપ્યો કે આદમ (અ.સ.)ને સજદો કરે. ઈબ્લીસ સિવાય બધાએ અલ્લાહની ઈતાઅત કરી. ત્યારે અલ્લાહે તેને ઠપકો આપ્યો કે તે મારા સજદો કરવાના હુકમની સામે ઘમંડથી કામ લીધું. શું તુ તે બલંદતરીન લોકોમાંથી છે કે જેઓના નામો અર્શ ઉપર લખેલા છે?'*

(તફસીરે બુરહાન, લેખક સૈયદ હાશીમ બેહરાની ર.અ., ભાગ-૪, પાના નં. ૬૮૪ તેમણે શૈખે સદુક અ.ર.ની ફઝાએલુશશીઆમાંથી નકલ કર્યું છે અને તેમણે આ હદીસને અબુ સઈદ ખુદરીથી રસુલુલ્લાહ (સ.અ.વ.)થી વર્ણન કરી છે)

ઈમામ હસન (અ.સ.)થી નકલ થયુ છે કે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યુ છે કે:

*'મારી ખિલ્કત અલ્લાહના નૂરથી થઈ છે અને મારા એહલેબૈત (અ.મુ.સ.)ની ખિલ્કત મારા નૂરથી થઈ છે અને એહલેબૈત (અ.મુ.સ.)ના ચાહનારાઓ એહલેબૈત (અ.મુ.સ.)ના નૂરથી પૈદા થયા છે. તે સિવાયના બીજા બધા લોકો જહન્નમની આગથી પૈદા થયા છે.'*

હદીસે નૂર વડે રસુલુલ્લાહ (સ.અ.વ.) અને એહલેબૈત (અ.મુ.સ.)ની ઘણી બધી ફઝીલતો સામે આવે છે. જેમાંથી અમૂક નીચે પ્રમાણે છે:

* અલ્લાહે આ બધા મઅસુમ (અ.મુ.સ.)ને સૌથી પહેલા ખલ્ક કર્યા. આ હઝરાત (અ.મુ.સ.)ની ખિલ્કત તે સમયે થઈ જ્યારે અલ્લાહ સિવાય બીજુ કોઈ મૌજુદ ન હતું.
* રસુલુલ્લાહ (સ.અ.વ.) અને તેમના એહલેબૈત (અ.મુ.સ.)ના બધા બાપ-દાદાઓ કે જેમાં જનાબે અબુ તાલિબ (અ.સ.), જનાબે અબ્દુલ્લાહ (અ.સ.) અને જનાબે આમેના (સ.અ.) શામેલ છે) મુવહહીદ (એક ખુદામાં માનનારા) હતા અને શીર્ક તથા બીજા બધા પ્રકારના ગુનાહોથી પાકો પાકીઝા હતા.
* જે લોકો રસુલુલ્લાહ (સ.અ.વ.) અને તેમના એહલેબૈત (અ.મુ.સ.)ને સમર્પિત થયા તે દુનિયા અને આખેરતમાં ખુશબખ્ત બન્યા અને જે લોકોએ આપ હઝરાત (અ.મુ.સ.)નો ઈન્કાર અને વિરોધ કર્યો તે દુનિયા અને આખેરતમાં કુફ્ર અને અપમાનની ખીણમાં પડી ગયા.
* આ તે લોકો છે કે જેમને હઝરત આદમ (અ.સ.)ને સજદો કરવાનો હુકમ આપવામાં આવ્યો ન હતો.
* ફરિશ્તાઓ રસુલુલ્લાહ (સ.અ.વ.) અને એહલેબૈત (અ.મુ.સ.)પાસેથી અલ્લાહની તમજીદ અને હમ્દ કરતા શીખ્યા.
* ફકત તે જ લોકો નજાત પામેલા છે કે જેઓને આપ (અ.મુ.સ.)ના નૂરથી પૈદા કરવામાં આવ્યા છે.

બાકી બીજા બધા લોકો જહન્નમી છે.

જે લોકો શોખ અને રસ ધરાવતા હોય તેઓ કિતાબ અબકાતુલ અન્વાર (જેના લેખક મર્હુમ મીર હામીદ હુસૈન કિન્તુરી હિન્દી અઅલલ્લાહો મકામહુ છે) નો અભ્યાસ કરી શકે છે કે જેમાં સુન્ની આલીમોના નામોનું વિસ્તૃત લીસ્ટ મૌજુદ છે કે જેમણે હદીસે નૂરને પોતાની કિતાબોમાં વર્ણન કરી છે. વાંચકોની જાણ માટે જણાવી દઈએ કે અબકાતુલ અન્વાર કિતાબ મોહદ્દીસે દહેલવીની કિતાબ તોહફએ ઈસ્નાઅશરીયાનો જવાબ છે.

# હઝરત અલી (અ.સ.)ના દુશ્મનો પણ આપ (અ.સ.)ના ફઝાએલ અને કમાલાતનો સ્વિકાર કરનારા હતા પરંતુ...

અમીરૂલ મોઅમેનીન ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની વિલાયત, વિસાયત, ખિલાફત અને ઈમામતનું એઅલાન રસુલે અકરમ (સ.અ.વ.)એ ઈસ્લામની શરૂઆતથી જ જુદા જુદા તરીકા અને સંકેતો વડે કર્યા કર્યુ હતુ પરંતુ અંતિમ અને છેવટનું એઅલાન આખરી હજના પ્રસંગે ખુદાના હુકમથી મક્કાથી મદિના પરત ફરતી વેળા જોઅફા નામના સ્થળે કર્યું. આ પ્રસંગનું વિગતવાર વર્ણન બધીજ ઈસ્લામીક ઈતિહાસની કિતાબોમાં અને કુરઆને કરીમની તફસીરોમાં મૌજુદ છે. આ લેખમાં આપણો મકસદ અલી (અ.સ.)ના ફઝાએલ, મનાકીબ, વિસાયત અને વિલાયતની ચર્ચા કરવાનો નથી પરંતુ આપણો વિષય હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના કટ્ટર દુશ્મન અમ્ર ઈબ્ને આસનો એક કસીદો છે કે જેમાં તેણે મોઆવિયાની ટીકા કરેલ છે અને અલી (અ.સ.)ની પ્રશંસા કરેલ છે અને અલી (અ.સ.) હિદાયતના ઈમામ હોવાનો સ્વિકાર કર્યો છે. ગદીરના પ્રસંગ બાદ આ પ્રસંગને ઘણા બધા અરબના શાએરોએ અને પ્રખ્યાત વિદ્વાનો અને લેખકોએ શેઅર (કલામ) સ્વરૂપે રજુ કરેલ છે.

ખાસ ધ્યાન આકર્ષિત કરતી બાબત એ છે કે જ્યાં અલી (અ.સ.)ના દોસ્તોએ મૌલાની શાનમાં અશ્આર કહી વખાણ કરેલ છે ત્યાં અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના કટ્ટર દુશ્મનોએ પણ પોતાના હુનરને પ્રદર્શિત કર્યુ છે અને પોતાના આ હુનર વડે આપ (અ.સ.)ની વિલાયતને સાચી ઠેરવી તેનો સ્વિકાર કર્યો છે.

આ શાએરોમાં અમ્ર ઈબ્ને આસનો એક પ્રખ્યાત કસીદો કે જે 'કસીદએ જુલજુલીય્યહ'ના નામથી મશ્હુર છે. આ કસીદો અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની શાનમાં અરબી ભાષાની પ્રખ્યાત કૃતિઓમાંથી એક કૃતિ માનવામાં આવે છે. અમ્ર ઈબ્ને આસે આ કસીદામાં ૬૬ અશ્આર રચેલ છે.

મરહુમ શૈખ અબ્દુલ હુસૈન અમીની કે જેઓ અલ્લામા અમીની (અ.ર.)ના નામથી પ્રખ્યાત છે તેઓએ પોતાની મશ્હુર કિતાબ 'અલ ગદીર ફીલ કિતાબે વલ સુન્નતે વલ અદબે' ના બીજા ભાગમાં આ બધાજ ૬૬ અશ્આરને વર્ણવ્યા છે અને ત્યારબાદ તેની વિસ્તૃત ચર્ચા અને સમજણ રજુ કરેલ છે.

## મોઆવિયાનો પત્ર અમ્ર ઈબ્ને આસના નામેઃ

જ્યારે અમ્ર ઈબ્ને આસે મિસ્રનો હિસાબ કિતાબ (વેરો) ન મોકલ્યો ત્યારે મોઆવિયા બીન અબી સુફીયાને મિસ્રના ટેકસ (કર) બારામાં પૂછપરછ કરવા માટે અમ્ર ઈબ્ને આસને એક પત્ર લખ્યો કે જેનો વિષય આ પ્રમાણે છે:

'મેં મિસ્રના ટેકસ (ખિરાજ) વિષે તને ઘણીવાર પત્રો લખ્યા પરંતુ તે આ પત્રોના જવાબ ન આપ્યા અને મારી નાફરમાની કરી. હવે હું તને

છેલ્લીવાર પત્ર લખુ છું કે કોઈપણ પ્રકારનું મોડું કર્યા વગર જલ્દીથી મિસ્રનો ટેકસ (કર) મોકલી આપ. વસ્સલામ.'

## અમ્ર ઈબ્ને આસનો જવાબઃ

અમ્ર ઈબ્ને આસને આ વાત ખૂબજ ખરાબ લાગી અને તેણે આ કસીદો જવાબમાં લખીને મોકલ્યો કે જેમાં તેણે મોઆવિયાને ખૂબજ વખોડયો છે અને મોઆવિયાને તે બધાજ પ્રસંગોની યાદ દેહાની કરાવી છે કે જેમાં તેઓ બંનેએ મળીને હઝરત અલી (અ.સ.)ને ખિલાફતથી દુર રાખવાના કાવતરા કરેલા હતા. સાથોસાથ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના સાચા હોવાનો અને તેમની ફઝીલતોનો સ્વિકાર પણ કર્યો કે આપ (અ.સ.) જ હિદાયતના ઈમામ છે.

## કસીદાનું નામ 'જુલજુલીય્યહ' રાખવાનું કારણઃ

આ કસીદાનો અંતિમ શબ્દ 'અલ જુલ જુલ' છે અને આ કારણે આ કસીદાનું નામ 'જુલજુલીય્યહ' રાખવામાં આવ્યું છે. 'જુલજુલીય્યહ' નો અર્થ 'ઘંટ' - 'ઘુંઘરૂ' થાય છે અને 'ખુબજ ખંતીલો' અને 'સ્કુર્તિવાળા' ના અર્થમાં પણ વપરાય છે.

આ કસીદાના તમામ શેર મોઆવિયાના ગાલ ઉપર જોરદાર તમાચાઓ છે. બધાજ અશઆરનો શબ્દસઃ તરજુમો કરવો એ અમારો મકસદ નથી. આથી અમે અહીં તેના તરજુમાનો ભાવાર્થ રજુ કરીએ છીએ કે જેથી મોઆવિયા અને અમ્ર ઈબ્ને આસના કાવતરા, ચાલબાજીઓ અને તે લોકોના ગંદા રાજકારણને લોકો સરળતાથી સમજી શકે. આ કસીદાનું ભાષાંતર માટે અમે અલ્લામા અમીની (અ.ર.)ની કિતાબ અલ ગદીરના ફારસી અનુવાદ ભાગ-૩ માંથી કરેલ છે. આ કસીદાનો કાવ્યાત્મક અનુવાદ તેની શરહ (સમજુતી)ની સાથે ૧૦૬ અશઆર ઉપર આધારિત છે જેને મોહમ્મદ તકી વાહેદીએ કરેલ છે.

(અલ ગદીર, ૩/૨૦૭)

## કસીદ એ જુલજુલીય્યહનો ભાવાર્થઃ

૧) અય મોઆવિયા! મારા વિષે અને તારા કામના વિષે નાદાન ન બન અને હકના રસ્તાથી એક કદમ પણ દુર ન થા.

૨) શું તુ ભુલી ગયો છો કે તે દિવસે તે કેવી રીતે હુકુમતનો પોશાક પહેરી લીધો હતો અને મેં શામવાળાઓને કેવી રીતે છેતર્યા હતા?

૩) કેવી રીતે લોકોના ટોળાને ટોળા તારી તરફ આવી ગયા હતા અને ગભરાયેલી ગાયની જેમ રોકકળ અને ફરિયાદ કરવા લાગ્યા હતા.

૪) શું તુ ભુલી ગયો કે મેં એ લોકોને કહ્યું હતું કે તમારી વાજીબ નમાઝો મોઆવિયા વગર કબુલ નહીં થાય.

૫) અને આ જ કારણે તે લોકોએ મઝહબને છોડી દીધો અને નમાઝની તરફ કંઈ ધ્યાન ન આપ્યું અને તે ડરેલા લોકોને જંગ માટે તૈયાર કર્યા.

૬) એ દિવસને યાદ કર! કે જ્યારે તું હિદાયતના ઈમામથી ફરી ગયો જ્યારે એમના લશ્કરમાં બહાદુર અને દિલેર ઈન્સાન મૌજુદ હતા.

૭) (તે કહ્યું હતુ) શું હું આ મક્કાર અને ખરાબ લોકો સાથે કે જેઓ શાંત ગાયની જેવા છે, તકવા ધરાવનારા લોકોની સાથે જંગ કરવા જાવ?

૮) મેં કહ્યું હતુઃ હા, ઉભો થા અને જંગ કર, હું નિમ્નસ્તરના લોકોની જંગ જોઈશ ઉચ્ચસ્તરના લોકોની સાથે.

૯) બસ, મારા કારણે તે લોકો વસીઓના સરદાર હઝરત અલી (અ.સ.)ની સાથે, એ નઅસલ (ઉસ્માન)ના ખૂનના બદલામાં જંગ કરી બેઠા.

૧૦) મેં તારા લશ્કરને ઉશ્કેર્યુ કે તેઓ મુસ્હફ (કુરઆને કરીમ)ને નેઝાઓ ઉપર બુલંદ કરે.[૧]

## અમ્રે આસ નગ્ન થઈ ગયોઃ

૧૧) મેં તારા લશ્કરને શીખવાડયું કે પોતાના ગુપ્ત ભાગો ખોલી દે કે જેથી તે જવાન મર્દ તેઓને કત્લ કરવાથી પોતાનું ધ્યાન હટાવી લ્યે.[૨]

૧૨) આ પછી બગાવત કરનારાઓ એ હૈદરની વિરૂધ્ધ કયામ કર્યો. (આ રીતે) લોકોને પ્રકાશિત મશાલ (હિદાયત)થી દુર રાખ્યા.

૧ નિર્દેશ દાસ્તાને હકમય્નની તરફ છે.

૨ જંગે સિફફીનમાં એક વાર અમ્રે આસ અલી (અ.સ.)ની સામે આવી ગયો અને જ્યારે તેણે અનુભવ્યુ કે તે અલી (અ.સ.)ના હાથે માર્યો જશે તો બચવા માટે તેણે પોતાને જમીન ઉપર પછાડી દીધો અને પોતાના ગુપ્ત ભાગને (શર્મગાહ)ને ખોલી નાખી અને તેની આ યુકિતને લીધે તે મૌતથી બચી ગયો. (શરહે નહજુલ બલાગાહ, ઈબ્ને અબીલ હદીદ ૨/૧૧૦) સિફફીનમાં જ આવો જ એક પ્રસંગ બસર બીન ઈરતાતના બારામાં નકલ થયેલ છે).

૧૩) શું તુ ભુલી ગયો કે મેં અબુ મુસા અશ્અરીથી ‘દુમતુલ જન્દલ’માં કેવી રીતે વાતચીત કરી હતી.[3]

3 જંગે સિફફીન પછી અલી (અ.સ.) કુફા તરફ રવાના થઈ ગયા અને ત્યાંથી અબુ મુસા અશ્અરીને શરીહ બીન હાનીની આગેવાનીમાં ૪૦૦ લોકોની સાથે ‘દુમતુલ જન્દલ’ની તરફ રવાના કર્યો અને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસને પણ આ લોકોના જમાઅતના ઈમામ બનાવીને સાથે રવાના કર્યા. આ મૌકા ઉપર મોઆવિયાએ ઉમરે આસને દુમતુલ જન્દલ રવાના કર્યો. ત્યાં પહોંચીને અમ્રે આસ અબુ મુસા અશ્અરીને ત્રણ દિવસ સુધી ન મળ્યો અને પછી આયોજનપૂર્વક મળ્યો. તેણે (અબુ મુસા અશ્અરીના) ખુબ વખાણ કર્યા, અલગ અલગ પ્રકારના લકબો અને શિર્ષકો વડે તેને નવાઝયો અને આ રીતે અબુ મુસા તેની ચાલાકીમાં આવી ગયો. તેણે અમ્રે આસને પુછયુંઃ તારી નજરમાં મુસલમાનોની સુધારણાનો રસ્તો શું છે? અમ્રે આસે કહ્યુંઃ તુ અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ખિલાફતથી દૂર કરી દે અને હું મોઆવિયાને દૂર કરી દઈશ અને પછી આપણે બન્ને અબ્દુલ્લાહ બીન ઉમર જેવી વ્યકિતને આ કાર્ય માટે પસંદ કરી લેશુ કે જે કોઈપણ ફિત્ના (ઝઘડામાં) હાજર ન હતો અને તેના હાથ કોઈપણ વ્યકિતના ખુનથી રંગાએલા નથી. અમ્રે આસની કસમો અને વાયદાઓ ઉપર અબુ મુસા અશ્અરીએ ભરોસો કરી લીધો અને પછી હકમય્ન જાહેર કરવા માટે ભેગા થયા. અમ્રે આસે પોતાની ચાલાકી વડે અબુ મુસા અશ્અરીને પોતાની વાત પહેલા રજુ કરવા માટે તૈયાર કરી લીધો અને અબુ મુસાને ત્યારબાદ ‘સામરીએ ઈરાકીયાન’ નો લકબ મળ્યો. તેણે કહ્યુંઃ ‘અય લોકો! અમે લોકોએ અમારા કાર્ય ઉપર ખુબજ વિચાર અને ચિંતન-મનન કર્યું અને આપસમાં સલાહ સુચન પછી ઉમ્મતની સુધારણા, હિદાયત, રક્ષણ અને એકતા માટે તથા ખૂન ખરાબાથી બચવા માટે એક રસ્તો કાઢયો છે અને એ રસ્તો એ છે કે હું અલી (અ.સ.)ને ખિલાફતથી દૂર કરૂ છું અને અમ્રે આસ મોઆવિયાને.મેં અલી (અ.સ.)ને ખિલાફતથી એવી રીતે દુર કર્યા કે જેવી રીતે આ અમામાને માથા ઉપરથી (પછી તેણે પોતાના અમામાને ઉતારી નાખ્યો) અને એવા શખ્સને ખિલાફત માટે પસંદ કરેલ છે કે જે રસુલે ખુદા (સ.અ.વ.)નો સહાબી છે અને તેના પિતા પણ પયગમ્બર (સ.અ.વ.)ના સહાબી હોવાનો ગર્વ ધરાવે છે અને તે શખ્સ અબ્દુલ્લાહ બીન ઉમર છે. (મનાકીબે શેહરે આશુબ ૩/૧૮૫) પછી અમ્રે આસ ઉભો થયો અને કહ્યુંઃ અય લોકો! ચોક્કસ! અબુ મુસાએ અલી (અ.સ.)ને ખિલાફતથી દૂર કરી દીધા અને તે અલી (અ.સ.)ના મામલામાં બેહતર જાણે છે, આગાહ થઈ જાવ કે મેં પણ

૧૪) હું ખુબજ નરમ અંદાજમાં વાત કરૂં છું, જેથી સાંભળનાર લાલચમાં આવી જાય છે અને મારા ફરેબ (ચાલાકી)ના તીર તેના શરીરમાં ઘુસી જાય છે.

૧૫) મેં હૈદરને ખિલાફતથી એવી રીતે દૂર કરી દીધા જેવી રીતે પગમાંથી પગરખાને કાઢી નાખવામાં આવે છે.

૧૬) અને ખિલાફતને અંગુઠી (વિંટી)ની માફક તને પહેરાવી દીધી, જ્યારે કે તું પોતે ખિલાફતથી નાઉમ્મીદ થઈ ગયો હતો.

૧૭) મેં તને પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ના ઉચ્ચ મિમ્બર ઉપર કોઈ પણ પ્રકારની જંગ અને તલ્વાર ચલાવ્યા વગર બેસાડી દીધો.

૧૮) જો કે તું આ ઈઝઝતદાર હોદ્દાને લાયક ન હતો.

૧૯) મેં ઈરાકના મુનાફીક લશ્કરને મોકલ્યુ કે જેના થકી તે 'ઉત્તર' અને 'દક્ષિણ'ને પોતાના કબ્જામાં લઈ લીધું.

૨૦) એ હું હતો કે જેણે તારૂં નામ દુર દુરના સ્થળો સુધી પહોંચાડયું.

૨૧) અય કાળજુ ખાનારી હિન્દાના પુત્ર (મોઆવિયા) અગર તું મને નથી ઓળખતો તો એ મારા માટે ખૂબજ દુ:ખની વાત છે.

---

અલી (અ.સ.)ને ખિલાફતથી રદ કરી દીધા અને મોઆવિયાને પોતાના માટે અને તમારા માટે ખિલાફત માટે પસંદ કરી લીધા.' અબુ મુસાએ જ્યારે આ સાંભળ્યું તો તેણે વિરોધ કર્યો અને અમ્રે આસને અપશબ્દો કહ્યા અને અમ્રે આસે પણ તેને અપશબ્દો કહ્યા અને આ રીતે હુકુમત એક મજાક અને મશ્કરી બનીને રહી ગઈ અને ત્યાર પછી ખુબ જ ફિત્નો પૈદા થયો.

૨૨) અગર હું તારો વજીર ન હોત તો લોકો કયારેય તારૂં અનુસરણ ન કરતે અને અગર હું ન હોત તો કયારેય લોકો તને ન સ્વિકારતે.

૨૩) અગર હું ન હોત તો તું સ્ત્રીઓની જેમ ઘરમાં જ બેઠો રહેત અને કયારેય ઘરની બહાર ન નિકળત.

૨૪) અય હિન્દાના પુત્ર! મેં અજ્ઞાનતા અને નાદાનીના કારણે શ્રેષ્ઠ ખબર નબએ અઝીમ (હઝરત અલી અ.સ.) અને ઈન્સાનોમાં શ્રેષ્ઠની સામે તારી મદદ કરી.

૨૫) અને જ્યારે મેં તને લોકોનો સરદાર બનાવી દીધો ત્યારે આપણે પોતે ખૂબજ નીચા દરજ્જામાં ઉતરી ગયા અને અસફલે સાફેલીન (જહન્નમના છેલ્લા તબક્કા)માં પહોંચી ગયા.

૨૬) જ્યારે કે આપણે હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) પાસેથી અલી (અ.સ.)ના ખુબજ ફઝાએલ અને કમાલાત સાંભળ્યા હતા.

## ગદીરના એઅલાનની કબુલાતઃ

૨૭) જે દિવસે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) તે ગદીરે ખુમમાં મીમ્બર ઉપર ગયા અને ખુદાના હુકમને લોકો સુધી પહોંચાડયો તે સમયે કોઈ પણ કાફલો તેના ઘર સુધી પહોંચ્યો ન હતો.

૨૮) એમણે અલી (અ.સ.)ના હાથને પોતાના હાથમાં લીધો અને બધાને બતાવીને મોટા અવાજે ખુદાના હુકમને લોકો સુધી પહોંચાડયો.

૨૯) અય લોકો! શું હું તમારા ઉપર તમારા કરતા વધારે અધિકાર નથી ધરાવતો અને

તમારા ઉપર બિનશરતી વિલાયત નથી ધરાવતો? બધાએ કહ્યુંઃ હા અય રસુલુલ્લાહ (સ.અ.વ.) આપ જે ચાહો તે કરો.

૩૦) ખુદાવંદે આલમની તરફથી આં હઝરત (સ.અ.વ.) એ લોકો ઉપર હુકુમતને અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)થી મખ્સુસ કરી અને ફકત તેઓજ પોતાની ખિલાફતને જેને ચાહે તેને આપી શકે છે.

૩૧) ફરમાવ્યુંઃ જેનો હું મૌલા છું, આજથી આ અલી (અ.સ.) તેઓના સૌથી શ્રેષ્ઠ મૌલા છે.

૩૨) પછી દોઆ કરીઃ અય ઝુલજલાલ! એમના દોસ્તોને દોસ્ત રાખ અને પોતાના પયગમ્બર (સ.અ.વ.)ના ભાઈના દુશ્મનોને દુશ્મન રાખ.

૩૩) અય લોકો! મારી ઈતરતના બારામાં તમે જે વચન અને વાયદો કર્યો છે તેને હરગીઝ ન તોડશો, કારણ કે જે કોઈ વચનભંગ કરશે તે કયામતના દિવસે મારા સુધી નહીં પહોંચી શકશે.

૩૪) અને જ્યારે તારા શૈખ (અબુબક્ર અને ઉમર)એ જોયું કે હૈદરની વિલાયત અને ખિલાફતના વચન અને કરારની મજબુત ગાંઠ ખુલી નથી શકતી તો બખ્ખીન બખ્ખીન (મુબારક થાય, મુબારક થાય) વડે આપ (અલી અ.સ.)ને મુબારકબાદી આપી.

૩૫) રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ અલી તમારા વલી (સરપરસ્ત) છે અને તમારા ઉપર વાજીબ છે કે તમે તેની સુરક્ષા કરો અને જેવી રીતે મારી સાથે વ્યવહાર રાખતા હતા તેવી જ રીતે તેમની સાથે પણ વ્યવહાર રાખજો.

## અમ્રે આસે પોતાને અને મોઆવિયાને જહન્નમી કરાર દીધાઃ

૩૬) આપણે આપણા આમાલ અને ચારિત્ર્યના લીધે જહન્નમના સૌથી નીચલા તબક્કામાં જશું.

૩૭) કયામતના દિવસે ઉસ્માનનું ખુન આપણને નજાત નહિ અપાવે અને કયામતનો દિવસ આપણી શરમિંદગીનો દિવસ હશે.

૩૮) અને કાલે કયામતના દિવસે અલી (અ.સ.) ખુદા અને તેના રસુલ (સ.અ.વ.)ના ઝરીયે ઈઝઝતના ખુબજ ઉંચા દરજ્જા ઉપર હશે અને તે દિવસે તે આપણા દુશ્મન હશે.

૩૯) તે દિવસે ખુદાવંદે મોતઆલ એ બધીજ કરણીનો હિસાબ લેશે જે થઈ હતી અને તે બધીજ બાબતોમાં આપણે હકથી દુર અને બાતિલની સાથે હશું.

૪૦) તે દિવસે હકીકતના ચેહરાથી નકાબ હટી જશે અને આપણી પાસે કોઈપણ બહાનુ નહિ રહે. વાય થાય આપણા ઉપર, એ દિવસે શું થશે?

૪૧) અય હિન્દાના પુત્ર (મોઆવિયા) આગાહ થઈ જા! કે તે જે મારી સાથે વચન અને કરાર કર્યો હતો, તેના ઉપર અમલ ન કર્યો અને આ રીતે તે જન્નતને વેચી દીધી.

૪૨) આખેરતની બેશુમાર નેઅમતોને છોડીને દુનિયાની સામાન્ય ચીજોને મેળવવા માટે તે આખેરતને ગુમાવી દીધી.

૪૩) તે જોયું કે લોકો તારી આજુબાજુ એકઠા થઈ ગયા છે અને હુકુમત તારા માટે તૈયાર

છે, એવી હુકુમત કે જે બીજાઓથી તારા સુધી પહોંચી છે તો તું જાણી લ્યે કે આ હુકુમત મજબુત નહિ હોય.

૪૪) તારૂં ઉદાહરણ એવા શિકારી જેવું છે કે જે જાળ ફેંકે છે અને ઈન્સાનોને છેતરે છે અને પ્યાસાઓને પાણીની નહેરથી દૂર કરે છે.

## સિફ્ફીનની હારનો સ્વિકારઃ

૪૫) જાણે કે તે જંગે સિફ્ફીનની એ ખૌફનાક ‘લય્લતુલ હરીર’ને ભુલાવી દીધી.

૪૬) તે દિવસે તું એટલો બધો કમઝોર થઈ ગયો હતો કે એક બહાદુર અને દિલેર મર્દના ખૌફના કારણે શાહમૃગની જેમ તારો પાયજામો ખરાબ થઈ ગયો હતો.

૪૭) જે સમયે તે તારા ગુમરાહ લશ્કરને વિખેરી નાખ્યું ત્યારે તું એ રીતે ડરી રહ્યો હતો કે જાણે ભુખ્યો સિંહ તને હલાક કરી દેશે.

૪૮) તું ખુબજ મુશ્કેલીઓથી ઘેરાયેલો હતો અને વિશાળ મૈદાન તને એકદમ નાનુ દેખાઈ રહ્યું હતું.

૪૯) તે મને પુછયું હતું અય અમ્ર! તાકતવર સિપાહીની ચુંગલમાંથી કયાં ભાગી જાવ?

૫૦) અય અમ્ર! તેના સિવાય કોઈ ઉપાય નથી કે તું એમના હુમલાઓની સામે કોઈ પ્રપંચથી કામ લ્યે. કંઈક કામ કર મારૂં દીલ પરેશાન છે.

૫૧) તે સમયે જ્યારે તારી હુકુમત તેની પુર્ણતાએ પહોંચી હતી ત્યારે તે મને વાયદો કર્યો હતો કે જે હોદ્દો અને સ્થાન તને મળશે તેમાંથી અર્ધુ મને આપીશ.

૫૨) હું પણ જલ્દીથી ઉભો થયો અને અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)ની સામે મેં મારા કપડા ઉતારી નાખ્યા અને મારી શર્મગાહને જાહેર કરી દીધી. (નોંધઃ આગળ તેની વિગત આવી ચૂકી છે).

૫૩) શર્મના લીધે તેમણે (અલી અ.સ.એ) પોતાનો ચહેરો છુપાવી દીધો અને મને કત્લ ન કર્યો. આ એવી ચીજ છે કે જ્યાં સુધી તારી અક્કલ પહોંચી નથી શકતી.

૫૪) પરંતુ તું દિલેર અને શૂરવીર મર્દના ખૌફના લીધે નેતરની જેમ ધ્રુજી રહ્યો હતો.

૫૫) જ્યારે તને હુકુમત મળી ગઈ હુકુમતની લાકડી તારા હાથમાં આવી ગઈ.

૫૬) ત્યારે તે બીજાઓને તો માલ-મત્તા અને હોદ્દાઓ આપીને નવાજ્યા પરંતુ મને એક દાણાની બરાબર પણ ન આપ્યું.

૫૭) મીસ્રની હુકુમત અબ્દુલ મલીકને આપી દીધી અને આ રીતે તે મારા ઉપર ઝુલ્મ કર્યો.

૫૮) જો કે તને આ મિસ્રની હુકુમતની લાલચ છે પરંતુ હવે તે મારા હાથમાં છે. જેથી તુ સમજી લે કે પથ્થરો ખાનાર પંખી ગરૂડના ચુંગલમાંથી નિકળી ગયુ છે અને આ હુકુમત તારા હાથોમાંથી ચાલી ગઈ છે.

૫૯) અગર મિસ્રની હુકુમતની ભલાઈ ચાહતો હો અને તેના ટેકસ (કર)ને માફ નહિ કર તો હું જંગ માટે તૈયાર છું અને તને ખૌફમાં નાખી દઈશ.

૬૦) ફૌજ અને લશ્કર, તીર અને તલ્વાર તથા મોટા નેઝાઓની સાથે તૈયાર છું.

૬૧) હું તારા ઘમંડના પર્દાને ફાડી નાખીશ અને સુઈ રહેલા દરેક ગમઝદા ઈન્સાનો (તે યતીમો કે જેઓના પિતા તારા કારણે કત્લ થયા)ને જગાડી દઈશ અને તેઓને તારી વિરૂધ્ધ ઉભા કરી દઈશ.

## અમ્રે આસે મોઆવિયાને કહ્યુંઃ તું અમીરૂલ મોઅમેનીન નથી.

૬૨) તું મોઅમીનો ઉપર હુકુમત અને ખિલાફત કરવાથી ખુબજ દુર છો.

૬૩) હુકુમતમાં થોડોક એવો પણ તારો હક નથી અને તારી અગાઉના તારા બાપ-દાદાઓને પણ તે હક ન હતો.

૬૪) અય મોઆવિયા! તારી અને અલી (અ.સ.)ની દરમ્યાન શું સામ્યતા હોય શકે છે? અલી (અ.સ.) એક ધારદાર અને કત્લ કરનારી તલ્વાર છે અને તું એક કાટી ગયેલા દાંતરડાની જેમ છે.

૬૫) અલી (અ.સ.) કે જેઓ આસ્માનના સિતારા છે. તેઓ કયાં અને તું કયાં? તું એક રેતી સિવાય કંઈ નથી.

૬૬) અય મોઆવિયા! અગર હુકુમતના બારામાં તું તારી ઉમ્મીદો સુધી પહોંચી ગયો તો તેનું કારણ એ હતુ કે ઝિલ્લતની ઘંટડી મારા ગળામાં બંધાયેલી હતી અને જાણી લ્યે કે મારી ગરદનમાં એવી ઘંટડી છે કે અગર હું મારી ગરદન હલાવીશ તો આ ઘંટડી વાગવા લાગશે.

### અંતઃ

આ ૬૬ અશઆરમાંથી દરેક અશઆરના બારામાં એક વિસ્તૃત લખાણ લખી શકાય છે. અમ્રે આસ અને મોઆવિયાએ અલી (અ.સ.)ની વિરૂધ્ધ જેટલા પ્રપંચો કર્યા હતા તે બધાનો ઉલ્લેખ અમ્રે આસે સ્પષ્ટ શબ્દોમાં કરી દીધો છે. પરંતુ અફસોસ છે તે લોકો ઉપર કે જેઓ હકીકતને જાણીને પણ અજાણ બને છે.

## મૂળભુત કિતાબો અને સ્ત્રોતોઃ

આ કસીદો નીચે દર્શાવેલ કિતાબોમાં નકલ થએલો છે.

૧) ખુદ આના બે નુસ્ખા સ્વતંત્ર રીતે પ્રકાશિત થયા છે અને મિસ્રની લાઈબ્રેરીમાં મૌજુદ છે. આ લાઈબ્રેરીની કિતાબોની સુચી ઘણા બધા ભાગોમાં મૌજુદ છે. તેના ભાગ ૪, પાના નં ૩૧૪ ઉપર આ પ્રકાશનનું નામ મૌજુદ છે.

૨) ઈબ્ને અબીલ હદીદે શરહે નહજુલ બલાગાહમાં ભાગ-૨, પાના નં. ૫૨૨ ઉપર તેના અમૂક અશઆર લખ્યા છે અને લખ્યું છે કે મેં આ પંકિતઓને અબી ઝકરિયા યહ્યા બીન અલી ખતીબ તબરીઝી (વફાત ૫૦૨ હિજરી)ના લખાણમાં જોયા.

૩) શૈખ મોહમ્મદ અઝહરીએ કિતાબ ‘મુગ્નેયુલ લબીબ’ની શરહ, ભાગ-૧, પાના નં. ૮૨ માં બધીજ પંકિતઓને ‘તારીખે ઈશહાક’થી નકલ કરેલ છે.

૪) ઝનુઝીની કિતાબ ‘રીયાઝુલ જન્નહ’ માં રોવ્ઝએ દુવ્વુમમાં આ સંપૂર્ણ કસીદાને લખવામાં આવ્યો છે.

દુનિયા હકીકતોને જેટલી છુપાવવા માંગે છુપાવી લ્યે પરંતુ એ સમય જરૂર આવશે જ્યારે ગદીરી મૌલાના સાચા વંશજ ઈમામ મહદી (અ.ત.ફ.શ.) ઝુહુર ફરમાવશે અને હકીકતોને છુપાવનારાઓને તેના અંજામ સુધી પહોંચાડશે.

# ખિલાફતઃ રસુલ (સ.અ.વ.)ની જાનશીની કે......

## હોદ્દાની વિશેષતાઃ

અગર કોઈ કોલેજ અથવા યુનિવર્સીટીમાં કોઈના જવાથી કોઈ જગ્યા ખાલી થાય અને તે જગ્યા માટે યોગ્ય વ્યકિતની જરૂરિયાત હોય, ત્યારે તે જગ્યા અને હોદ્દા માટે જાહેરાત કરવામાં આવે છે ત્યારે ફકત જગ્યા અને હોદ્દો ખાલી છે તેવી જાહેરાત કરવામાં આવતી નથી બલ્કે તે હોદ્દા અને જગ્યાની ખુસુસીય્યતની પણ જાહેરાત કરવામાં આવે છે. અગર જગ્યા ઈતિહાસના વિભાગમાં ખાલી થઈ હોય તો તેના માટે તેવી વ્યકિતની જરૂરત હોય છે જે ઈતિહાસના વિષયમાં નિપુણતા ધરાવતો હોય અને તેણે ઈતિહાસના વિષયમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યુ હોય. અગર વિજ્ઞાન વિભાગમાં કોઈ જગ્યા ખાલી થઈ હોય તો તેના માટે એક વૈજ્ઞાનિકની જરૂરત હોય છે. અગર સાહીત્ય વિભાગમાં કોઈ જગ્યા ખાલી થઈ હોય તો તેના માટે સાહીત્યકારની જરૂરત હશે. એવું નથી થતુ કે જગ્યા ઈતિહાસના પ્રોફેસરની ખાલી થઈ હોય અને તેની જગ્યાએ એક વૈજ્ઞાનિકની ભરતી કરી દેવામાં આવે. એવીજ રીતે જગ્યા અને હોદ્દાની સાથોસાથ શૈક્ષણીક લાયકાત અને અનુભવ કેટલો હોવો જોઈએ તેની પણ જાહેરાત કરવામાં આવે છે. અગર વિજ્ઞાન વિભાગમાં જગ્યા ખાલી થઈ હોય તો ઈતિહાસના વિષયનું જ્ઞાન અને ડીગ્રી ધરાવનારાઓ તે જગ્યા માટે અરજી નથી આપતા કારણ કે તે તેઓનું ક્ષેત્ર નથી. અગર તેઓ અરજી આપી પણ દે તો પણ પસંદ કરનાર કમીટી તેમની અરજીનો સ્વિકાર નહીં કરે, બલ્કે તેને રદ કરી નાખશે. તેમજ ઈન્ટરવ્યુમાં પણ ફકત તેજ લોકોને બોલાવવામાં આવશે જે તે વિષયમાં પારંગત હોય અને જરૂરી માપદંડમાં ખરા ઉતરે. અગર ઈતિહાસ વિભાગના હોદ્દા ઉપર એક વૈજ્ઞાનિકને અને એક વિજ્ઞાન વિભાગના હોદ્દા માટે કોઈ ઈતિહાસકારને બેસાડી દેવામાં આવે તો પરિસ્થિતિ શું થશે? તે બધાને ખબર છે.

## રસુલ (સ.અ.વ.)ની જવાબદારીઓઃ

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના જાનશીનની નિમણુંક પહેલા એ જાણવુ જરૂરી છે કે રિસાલતના હોદ્દાની જવાબદારીઓ શું શું છે? જ્યાં સુધી હોદ્દાની ખાસિયતોની જાણકારી નહિં હોય ત્યાં સુધી સાચા અને યોગ્ય વ્યકિતની પસંદગી અયોગ્ય હશે.

હવે જ્યારે ખિલાફત રસુલે ખુદા (સ.અ.વ.)ની જાનશીનીની વાત છે તો એ જાણવુ ખુબજ જરૂરી છે કે રસુલે ખુદા (સ.અ.વ.)ની જવાબદારીઓ શું શું હતી? જ્યાં સુધી તે જવાબદારીઓની જાણકારી નહિ હોય ત્યાં સુધી જાનશીનની નિયુકિત શકય નથી.

કુરઆને કરીમે હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)ની ઘણી બધી જવાબદારીઓ વર્ણવી છે. નીચે તેમાંથી અમૂકનું વર્ણન કરીએ છીએ.

## ૧) વહીની તબ્લીગઃ

સુરએ મુબારકે જુમ્આની બીજી આયતમાં કુરઆને કરીમે હઝરત પયગમ્બર (સ.અ.વ.)ની અમૂક જવાબદારીઓ બયાન ફરમાવી છે.

هُوَ الَّذِىْ بَعَثَ فِى الْاُمِّيّٖنَ رَسُوْلًا
مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ
وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَاِنْ كَانُوْا
مِنْ قَبْلُ لَفِىْ ضَلٰلٍ مُّبِيْنٍ

*“તે અલ્લાહ છે કે જેણે ઉમ્મુલકુરાવાળાઓ વચ્ચે તેમના માટે તેઓમાંથીજ એક રસુલ મોકલ્યા કે જે તેઓ માટે*

*૧) અલ્લાહની આયતોની તિલાવત કરે છે,*

*૨) તેઓના નફસોને પાકો-પાકીઝા કરે છે,*

*૩) અને તેઓને કિતાબ અને હિકમતની તઅલીમ આપે છે.*

*જ્યારે કે તેઓ આ પહેલા ખુલ્લી ગુમરાહીમાં હતા.”*

(સુરએ જુમ્આ ૬૨:૨)

અલ્લાહની આયતોની તિલાવત એટલેકે ખુદાવંદે આલમે ઈન્સાનોની હિદાયત માટે જે આયતો કુરઆનના સ્વરૂપમાં નાઝીલ કરી છે તે આયતોની તિલાવત વડે લોકો સુધી અલ્લાહનો પયગામ પહોંચાડવો.

## ઈસ્મતની જરૂરતઃ

અલ્લાહની આયતોને સંપૂર્ણ અમાનતદારીની સાથે પહોંચાડવા માટે ઈસ્મત જરૂરી છે. અગર નબી કે રસુલ મઅસુમ નહીં હોય અને ભુલ કે ખતાની જરા પણ શકયતા હશે તો તેમના સંદેશા ઉપર ભરોસો નહીં રહે. શું ખાત્રી કે આ સંદેશો સંપૂર્ણ સંદેશો છે કે પછી તેમાં કોઈ વધારો કે ઘટાડો થઈ ગયો છે અને અગર ભરોસો ઉઠી જાય તો સંદેશો મોકલવાનો હેતુ જ મરી જશે.

આથી આયતોની તબ્લીગ માટે નબી કે રસુલનું મઅસુમ હોવું જરૂરી છે.

## ૨) શિક્ષણ આપવુ અને વહીને બયાન કરવીઃ

સુરએ જુમ્આની આયતમાં પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની એક જવાબદારી આ રીતે બયાન કરવામાં આવી છે وَيُعَلِّمُهُمُ الْكِتَابَ وَالْحِكْمَةَ અને તેઓ લોકોને કિતાબ અને હિકમતની તઅલીમ આપે છે.

એટલેકે રસુલ (સ.અ.વ.)ની જવાબદારી ફકત આયતોની તિલાવત કરવી અને લોકો સુધી પહોંચાડવું જ નથી બલ્કે આયતોની તિલાવતની સાથોસાથ તેની સ્પષ્ટતા કરવી અને તેની સમજણ આપવી પણ પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની એક મહત્ત્વની જવાબદારી છે. કારણ કે સંપૂર્ણ કુરઆનની તઅલીમ આપવાની છે એટલા માટે જરૂરી છે કે તઅલીમ આપનાર તેના તમામ અર્થો અને ગુઢાર્થોથી શ્રેષ્ઠ રીતે માહિતગાર હોવા જોઈએ. તેમજ કુરઆને કરીમમાં દરેક સુકી અને ભીની ચીઝ મૌજુદ છે અને દરેક વસ્તુનું બયાન તેમાં મૌજુદ છે એટલા માટે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)નું ઈલ્મ તે બધી બાબતોને ઘેરી લીધેલ હોવું જોઈએ. બલ્કે જે કિતાબના મતાલીબ (અર્થોનું) વધારે ઈલ્મ ધરાવતો હોય તે જ કિતાબની સારી રીતે તઅલીમ આપી શકે છે. કુરઆને કરીમની તિલાવતથી એ સ્પષ્ટ થાય છે કે અલ્લાહે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) ઉપર કુરઆન સિવાય બીજી પણ બાબતો નાઝીલ કરી છે. સુરએ નહલમાં ઈરશાદ છેઃ

... وَ أَنْزَلْنَا إِلَيْكَ الذِّكْرَ لِتُبَيِّنَ

لِلنَّاسِ مَا نُزِّلَ إِلَيْهِمْ...

*“અને અમે તમારા ઉપર ‘ઝીક્ર’ નાઝીલ કર્યુ જેથી લોકો માટે તમે એ બાબતોને બયાન કરો જે તેઓ માટે નાઝીલ કરવામાં આવી છે.”*

(સુરએ નહલ ૧૬:૪૪)

અર્થાત્ નાઝીલ કરવામાં આવેલ બાબતોની સ્પષ્ટતા કરવા માટે અલ્લાહે રસુલે અકરમ (સ.અ.વ.) ઉપર ‘ઝીક્ર’ નાઝીલ કર્યુ.

કુરઆને કરીમમાં કુલ્લીયાતનો ઝિક્ર છે પરંતુ તેની વિગત તો રસુલે અકરમ (સ.અ.વ.) એ બયાન ફરમાવી છે. કુરઆને કરીમમાં નમાઝ, ઝકાત, હજ્જ વિગેરેનું વર્ણન છે. પરંતુ તેની વિગત કુરઆને કરીમમાં નથી. નમાઝના તમામ અરકાન, ભાગો અને જરૂરી બાબતો, અઝાન તથા એકામત તે બધુ જ પયગમ્બરે અકરમ (સ.અ.વ.)એ બયાન ફરમાવ્યુ છે. અલ્લાહે કદાચ એટલા માટે એ વ્યવસ્થા કરી હોય કે ઉમ્મત ફકત કુરઆને કરીમને લઈને પયગમ્બર (સ.અ.વ.)થી બેનીયાઝ ન થઈ જાય. કારણકે કુરઆને કરીમ એક હંમેશા બાકી રહેનારી કિતાબ છે એટલા માટે જ્યાં સુધી કુરઆને કરીમ મૌજુદ રહેશે તેના અર્થોની સ્પષ્ટતા માટે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) અથવા તેમના જ જેવા એક વ્યકિતની કયામતના દિવસ સુધી જરૂરિયાત વર્તાતી રહેશે.

## કુરઆનમાં ઈસ્મતનું બયાનઃ

જેવી રીતે કુરઆનની આયતોની તબ્લીગ માટે રસુલનું મઅસુમ હોવું જરૂરી છે, તેવીજ રીતે તઅલીમ અને બયાનની પરિસ્થિતિમાં પણ કુરઆનના મોઅલ્લીમનું મઅસુમ હોવું જરૂરી છે. આ વિષયમાં કંઈપણ બયાન કરતા પહેલા એ વાતની સ્પષ્ટતા જરૂરી છે કે કુરઆને કરીમ વિષે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)નું બયાન એ કોઈ તફસીરકારના બયાનની જેવું નથી. કુરઆને કરીમના સિલસિલામાં બધાજ તફસીરકારોનું તમામ ઈલ્મ અને ઝીણવટપૂર્વકના બયાનો તફસીરકારની સમજ અને તેના ઈલ્મને જાહેર કરે છે. કોઈ એક પણ તફસીરકાર એમ નથી કહી શકતો કે આનાથી ખુદાનો આજ મકસદ છે. જયારે કે કુરઆને કરીમ વિષે રસુલ (સ.અ.વ.)ની દરેકે દરેક સ્પષ્ટતા અલ્લાહના મકસદની જાહેરાત છે. અસલમાં વાકયો પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ના છે અને સ્પષ્ટતા ખુદાવંદે આલમની છે. એટલે કે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) કુરઆનના મૂળ અર્થો બયાન કરે છે અને તેમનું બયાન એ અલ્લાહનું બયાન છે. આ આધારે કુરઆને કરીમની આયતોની જેમ તેમનું બયાન હુજ્જત છે.

હવે એ વાત આપમેળે સ્પષ્ટ થઈ જાય છે કે બયાનની પરિસ્થિતિમાં રસુલ (સ.અ.વ.) એ શા માટે મઅસુમ હોવું જોઈએ? જ્યારે રસુલ (સ.અ.વ.)ની હદીસ અલ્લાહની ઈચ્છા અને હેતુને બયાન કરી રહી છે તો રસુલ (સ.અ.વ.)નું મઅસુમ હોવું જરૂરી છે. નહિંતર એ વાતની શકયતા રહેશે કે ખુદાનાખ્વાસ્તા અલ્લાહનો મતલબ કંઈક અલગ હોય અને રસુલ (સ.અ.વ.)ની સ્પષ્ટતા કંઈક અલગ હોય. રસુલ (સ.અ.વ.)ની દરેક સ્પષ્ટતા ૧૦૦% અલ્લાહના મકસદને જ જાહેર કરે છે.

## ૩) વિલાયતે તશ્રીઈઃ

ખુદાવંદે આલમે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ને ‘સાહેબે ઈખ્તેયાર’ બનાવીને મોકલ્યા છે. આમ તો પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ને આ સમગ્ર કાએનાત ઉપર વિલાયત અને ઈખ્તેયાર પ્રાપ્ત છે. આ કાએનાતનો એક એક કણ આસમાનની બલંદીથી લઈને ઝમીનની ઉંડાઈ સુધી દરેક પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ના હુકમનો પાબંદ અને ફરમાંબરદાર છે. તેની સાથોસાથ પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ને ખુદાવંદે આલમે શરીઅતમાં પણ સાહેબે ઈખ્તેયાર બનાવ્યા છે. એટલે કે તેમની ઈતાઅત અને ફરમાંબરદારી કોઈપણ ચું કે ચાં

વગર દરેક ઉપર વાજીબ અને જરૂરી ઠેરવી છે. આ વિષે કુરઆને કરીમની અમૂક આયતો જોઈએ:

(૧)وَ مَا اٰتَاكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ وَمَا نَهَاكُمْ عَنْهُ فَانْتَهُوْا

*“અને જે કાંઈ રસુલ તમને આપે તે લઈ લો અને જે વાતોથી રોકે તેનાથી દૂર રહો.”*

(સુરએ હશ્ર ૫૯:૭)

‘જે કાંઈ રસુલ આપે’ આ વાકયને બીજા વાકય ‘જેનાથી રોકે’ના મુકાબલામાં જોઈએ તો ‘નહ્ય’ના (મનાઈ કરવાના) મુકાબલામાં ’અમ્ર’ (હુકમ) છે. એટલે કે રસુલ (સ.અ.વ.) જે વાતનો હુકમ આપે તેની ઈતાઅત કરવી વાજીબ છે અને જે વાતોની મનાઈ ફરમાવે તેનાથી દૂર રહેવું વાજીબ છે. જો કે આ આયતમાં અમ્ર અને નહ્ય માટે રસુલ (સ.અ.વ.) માટે કોઈ શરત લગાવવામાં આવી નથી. જેનાથી એ સ્પષ્ટ થાય છે કે રસુલ (સ.અ.વ.)ની ઈતાઅત બિનશરતી વાજીબ છે અને રસુલ (સ.અ.વ.)ના હુકમ સામે કોઈને પણ કોઈ સવાલ કરવાનો કોઈ હક નથી.

(૨) وَ مَا كَانَ لِمُؤْمِنٍ وَلَا مُؤْمِنَةٍ إِذَا قَضَى اللهُ وَرَسُوْلُهٗ أَمْرًا أَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ أَمْرِهِمْ ط وَ مَنْ يَعْصِ اللهَ وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلَالًا مُّبِيْنًا

*“કોઈપણ મોઅમીન મર્દ કે મોઅમીન ઔરતને એ ઈખ્તીયાર નથી કે જ્યારે અલ્લાહ કે તેના રસુલ કોઈ હુકમ આપે તો તેની સામે તેના અમ્રોમાં પોતાની કોઈ રાય રજુ કરે અને જે પણ અલ્લાહ અને તેના રસુલની નાફરમાની કરશે તો યકીનન તે ખુલ્લી ગુમરાહીમાં હશે.”*

(સુરએ અહઝાબ ૩૩:૩૬)

આ આયત ઉપર ધ્યાન આપોઃ

أَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ અગર કોઈ મોઅમીનના વ્યકિતગત મામલામાં પણ અલ્લાહ અને રસુલ કોઈ હુકમ આપે તો તેની સામે બીજા કોઈના હુકમની કોઈ હૈસીય્યત નથી. તેને અલ્લાહ અને રસુલના મુકાબલામાં પોતાનો કોઈ મત કે અભિપ્રાય આપવાનો કોઈ ઈખ્તેયાર કે કોઈ હક છે જ નહિ.

إِذَا قَضَى اللهُ وَرَسُوْلُهٗ أَمْرًا અહીં હુકમને બિનશરતી વર્ણવવામાં આવ્યો છે. અલ્લાહ અને તેના રસુલના ઈખ્તેયાર કંઈ અમૂક વસ્તુઓ પૂરતા મર્યાદીત નથી બલ્કે મોઅમીનની ઝીંદગીનો દરેક ભાગ તેમના ઈખ્તેયાર હેઠળ છે. ઝીંદગીની કોઈપણ બાબત પછી તે વ્યકિતગત હોય, સામુહિક હોય, આર્થિક હોય, સામાજીક હોય, દીની હોય કે દુન્યવી વિગેરે દરેક બાબતમાં અલ્લાહ અને તેના રસુલને હક અને ઈખ્તેયાર પ્રાપ્ત છે.

اللهُ وَ رَسُوْلُهٗ અહીં અલ્લાહ પછી તરતજ રસુલ કહેવામાં આવ્યું છે. તે એ હકીકત તરફ ઈશારો કરે છે કે અમ્ર અને નહ્યના સિલસિલામાં ખુદાવંદે આલમે પોતે જ રસુલ (સ.અ.વ.)ને સ્વતંત્ર હૈસીય્યત, હક અને ઈખ્તેયાર આપ્યો છે. અલ્લાહે પોતાની જેમ રસુલ (સ.અ.વ.)ની પણ ઈતાઅતને વાજીબ અને જરૂરી ઠેરવી છે. એટલે કે રસુલે ખુદા (સ.અ.વ.)નો હુકમ પોતે એક સ્વતંત્ર હૈસીય્યત ધરાવે છે. રસુલે ખુદા (સ.અ.વ.) અલ્લાહની તરજુમાની કરનાર પણ છે અને તેમની પોતાની પણ એક સ્વતંત્ર શાન છે. જેવી રીતે અલ્લાહના હુકમની મુખાલેફત હરામ છે તેવીજ રીતે રસુલે ખુદા (સ.અ.વ.)ના હુકમની મુખાલેફત પણ હરામ છે.

એ વાત જગજાહેર છે કે આ પ્રકારની બિનશરતી ઈતાઅત ઈસ્મત વગર શકય નથી. જેવી રીતે અલ્લાહના 'અમ્ર' અને 'નહ્ય'માં કોઈપણ પ્રકારની ભુલ, શક, ખતા કે ભુલી જવાનું શકય નથી તેવી જ રીતે રસુલે ખુદા (સ.અ.વ.)ના એહકામમાં પણ કોઈપણ પ્રકારની ભુલ, શક, ખતા કે ભુલી જવાનો અવકાશ નથી.

(૩) اَلنَّبِيُّ أَوْلَىٰ بِالْمُؤْمِنِينَ مِنْ أَنفُسِهِمْ

*"નબીએ અકરમ (સ.અ.વ.)ને મોઅમીનોના નફસો ઉપર ખુદ તેઓ કરતા વધારે ઈખ્તેયાર પ્રાપ્ત છે."*

(સુરએ અહઝાબ ૩૩:૬)

અગર કોઈ અલ્લાહ અને તેના રસુલ ઉપર ઈમાન ધરાવતો હોય તો તેના જાન, માલ અને તેનાથી સંબંધિત બધી વસ્તુઓ ઉપર રસુલ (સ.અ.વ.)ને વધારે ઈખ્તેયાર પ્રાપ્ત છે. મોઅમીન ઉપર વાજીબ છે કે પોતાના દરેક ગમા-અણગમા ઉપર રસુલ (સ.અ.વ.)ના ગમા-અણગમાને અગ્રીમતા આપે. આ આયતે કરીમામાં જે 'ઉલુવીય્યત' (ઈખ્તેયાર)નું વર્ણન કરવામાં આવ્યું છે તે કોઈ એક ખાસ વિષય માટે નથી, બલ્કે સ્વતંત્ર રીતે અને સંપૂર્ણ બિનશરતી છે.

(૪) يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا أَطِيعُوا اللهَ وَ أَطِيعُوا الرَّسُولَ

*"અય ઈમાન લાવનારાઓ! અલ્લાહની ઈતાઅત કરો તથા તેના રસુલ (સ.અ.વ.)ની ઈતાઅત કરો."*

(સુરએ નીસા ૪:૫૯)

આ આયતે કરીમામાં પણ અલ્લાહની ઈતાઅતની સાથે રસુલે ખુદા (સ.અ.વ.)ની સ્વતંત્ર ઈતાઅતનો ઝિક્ર થયો છે. સ્વતંત્ર ઝિક્ર એ હકીકત તરફ ઈશારો કરે છે કે અલ્લાહના હુકમોની પાબંદીની સાથે રસુલ (સ.અ.વ.)ના હુકમો પણ એક સ્વતંત્ર હૈસીય્યત ધરાવે છે. જો કે આ સ્વતંત્ર હૈસીય્યત અલ્લાહની અતા કરેલી છે અને અલ્લાહે તેમની ઈતાઅતને સ્વતંત્ર રીતે વાજીબ કરાર દીધી છે. એ વાત ધ્યાનમાં રહે કે રસુલ (સ.અ.વ.)ની ઈતાઅત અલ્લાહના મુકાબલામાં નથી. બલ્કે અલ્લાહની ઈનાયતોથી અને તેના હુકમથી રસુલે ખુદા (સ.અ.વ.)ની ઈતાઅત વાજીબ છે. હવે અગર કોઈ તેમની સ્વતંત્ર ઈતાઅતનો ઈન્કાર કરે તો તે ખરેખર તે અલ્લાહના અતા કરેલા ઈખ્તેયાર અને હક્કોનો ઈન્કાર કરી રહ્યો છે.

## મોઅમીનોને સંબોધનઃ

આપણે ઉપરોકત આયતો ઉપર ધ્યાન આપીએ કે દરેક જગ્યાએ સંબોધન મોઅમીનોથી છે. અલ્લાહ એ જાણે છે કે રસુલે ખુદા (સ.અ.વ.)ની ઈતાઅત એજ કરશે, રસુલ (સ.અ.વ.)ના મુકાબલામાં પોતાનો કોઈ ઈખ્તેયાર નથી એજ એવું માનશે અને તેમને પોતાના જાન અને માલ ઉપર એજ અગ્રીમતા અને સત્તા આપશે કે જે મોઅમીન હશે. ઈમાનની શર્ત અને મોઅમીનની ઓળખાણ રસુલે ખુદા (સ.અ.વ.)ની બિનશરતી ઈતાઅત છે. હવે અગર કોઈ રસુલે ખુદા (સ.અ.વ.)ના હુકમનો ઈન્કાર કરે, તેમની નાફરમાની કરે અથવા ખુદાનાખ્વાસ્તા તેમના હુકમની સામે પોતાનો કોઈ અભિપ્રાય રજુ કરે તો કુરઆને કરીમ મુજબ તે ضَلَالٍ مُبِينٍ માં ગિરફતાર છે. એટલે કે ફકત ગુમરાહી જ નહી પરંતુ ખુલ્લી ગુમરાહીમાં.

## જાનશીન કોણ?

પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની જવાબદારીઓમાં

૧) એહકામની તબ્લીગ, આયતોની તિલાવત.

૨) એહકામની સમજુતી, ઈલ્મ અને હિકમતની તઅલીમ.

૩) વિલાયતે તશ્રીઈ.

પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની રેહલત પછી જે સિલસિલો કપાઈ ગયો તે એહકામની તબ્લીગ અને આયતોની તિલાવતનો છે. એટલા માટે કે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની ઝીંદગીમાં દીન સંપૂર્ણ થઈ ગયો. આથી હવે આયતોની તિલાવત અથવા નવા દીન અને એહકામનો કોઈ સિલસિલો નથી. પરંતુ ખુદ પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ પોતાની ઝીંદગી દરમ્યાન એહકામની તબ્લીગ અને કુરઆનની તિલાવતની જવાબદારી અદા કરી છે. તે સિવાય એહકામનું બયાન, કિતાબ અને હિકમતની તબ્લીગના સિલસિલો તો કયામતના દિવસ સુધી બાકી રેહનાર છે. જેની પાસે કિતાબ અને હિકમતનું ઈલ્મ હશે તેનીજ પાસે વિલાયતે તશ્રીઈ પણ હશે.

તો હવે સવાલ એ થાય કે પયગમ્બર (સ.અ.વ.)ના જાનશીન કોણ છે?

જવાબ બિલ્કુલ સ્પષ્ટ અને જાહેર છે. ફકત તેજ શખ્સ પયગમ્બરે અકરમ (સ.અ.વ.)નો જાનશીન હોઈ શકે છે જે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની જેમ કુરઆને કરીમનું સંપૂર્ણ ઈલ્મ ધરાવતો હોય, જે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની જેમ કિતાબ અને હિકમતની તઅલીમ આપી શકતો હોય, જેનું ઈલ્મ પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની જેમ અલ્લાહનું અતા કરેલું હોય, જેણે દુનિયામાં તઅલીમ હાસીલ ન કરી હોય બલ્કે જેને રસુલે ખુદા (સ.અ.વ.) એ અલ્લાહના હુકમથી કિતાબ અને હિકમતની તઅલીમ આપી હોય.

## સુરએ બરાઅતની તબ્લીગઃ

જ્યારે સુરએ બરાઅત (સુ. તૌબા)ની શરૂઆતની આયતો નાઝીલ થઈ જેમાં મુશ્રીકોને સંબોધીત થઈને ખુદા અને રસુલની બેઝારીનું વર્ણન કરવામાં આવ્યું હતું અને મક્કએ મુકર્રમામાં હજ્જે અકબરના મૌકા ઉપર તે આયતોને મજમામાં સંભળાવવાની હતી. એટલે કે મુશ્રીકોના સમૂહમાં, તેઓનાં કેન્દ્રમાં તેઓથી બરાઅત (બેઝારી-દુરી)નું એઅલાન કરવાનું હતું.

એહલે સુન્નતના આલીમો અબ્દુલ્લાહ બીન ઉમરથી આ પ્રસંગ આ પ્રમાણે વર્ણવ્યો છે.

પયગમ્બરે અકરમ (સ.અ.વ.)એ અબુબક્ર અને ઉમરને મક્કા મોકલ્યા. પરંતુ જે કાગળમાં આયતો હતી તે કાગળ અબુબક્રને આપ્યો. તેઓ બન્ને તે કાગળ લઈને મક્કા તરફ રવાના થઈ ગયા. હજુ થોડા જ દૂર પહોંચ્યા હતા કે તેઓએ જોયું કે એક શખ્સ તેઓની તરફ આવી રહ્યો છે કે જે ઉંટ ઉપર સવાર છે. તેઓએ પુછયું તમે કોણ છો?

તે શખ્સે કહ્યુંઃ હું અલી છું. અય અબુબક્ર તમે તે કાગળ મને આપી દો. અબુબક્ર એ પુછયુંઃ શું કંઈ વાત થઈ છે? અલી (અ.સ.) એ જવાબ આપ્યોઃ તે વિષે મને કંઈ ખબર નથી. હઝરત અલી (અ.સ.) એ તે કાગળ તેઓ પાસેથી લીધો અને મક્કા તરફ રવાના થઈ ગયા. ઉમર અને અબુબક્ર મદીના પરત આવી ગયા અને પયગમ્બરે

અકરમ (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થઈને કહ્યું:

‘શું અમારા વિષે કોઈ ખાસ વાત નાઝીલ થઈ છે? કોઈ ખાસ બનાવ બન્યો છે? પયગમ્બરે અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું: નહિ. પરંતુ

قِيْلَ لِيْ اَنَّهُ لَا يُبَلِّغُ عَنْكَ اِلَّا اَنْتَ اَوْ رَجُلٌ مِّنْكَ

*‘મને કહેવામાં આવ્યું કે તમારી તરફથી કોઈ તે આયતોને નથી પહોંચાડી શકતું સિવાય તમે પોતે અથવા તમારામાંથી કોઈ શખ્સ.’ (એટલે એવો માણસ કે જે તમારાથી મીન્નીય્યત (તમારામાં) નો દરજ્જા ધરાવતો હોય)*

(મુસ્તદરકે હાકીમ નેશાપુરી, ભાગ-૩, પા. ૫૧)

પરંતુ આજ પ્રસંગને એહલે સુન્નતના બીજા આલીમોએ હઝરત અલી (અ.સ.)ની ઝબાનથી બયાન કર્યો છે. જેમાં બિલ્કુલ સ્પષ્ટ છે કે રસુલે ખુદા (સ.અ.વ.)થી કોઈએ કહ્યુ હતું.

‘જ્યારે અબુબક્ર અને ઉમરે તે સિલસિલામાં રસુલે ખુદા (સ.અ.વ.)ને પુછયું: શું અમારા વિષે કોઈ ખાસ વાત નાઝીલ થઈ છે? તો તે સમયે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું: નહિં. પરંતુ જીબ્રઈલે અમીન મારી પાસે આવ્યા હતા અને ફરમાવ્યું:

لَنْ يُؤَدِّيَ عَنْكَ اِلَّا اَنْتَ اَوْ رَجُلٌ مِنْكَ

*‘તમારી તરફથી તે પયગામને કોઈ નથી પહોંચાડી શકતુ સિવાય તમે પોતે અથવા તમારામાંથી કોઈ શખ્સ.’*

(મુસ્નદે અહમદ ભાગ-૧ પા. ૧૦૧,
સોનને તીરમીઝી ભાગ-૪ પા. ૩૩૯ હ. ૫૦૮૬)

અલ ગદીરમાં અલ્લામા અમીની, ભાગ-૬, પા. ૩૩૮ થી ૩૫૦ ઉપર આ બનાવને એહલે સુન્નતના ૭૦ આલીમોથી નોંધ્યો છે. આ બનાવથી એ વાત સ્પષ્ટ થાય છે કે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની એક જવાબદારી વહ્યની તબ્લીગમાં, આયતોની તિલાવતમાં અગર ખુદાએ કોઈને જાનશીન બનાવ્યા છે તો તે ફકત અલી (અ.સ.)ને બનાવ્યા છે અને બીજાઓથી તે આયતોને પરત લઈને ઘણી બધી હકીકતોને સ્પષ્ટ કરી દીધી છે. પરંતુ તેઓ માટે કે જેની પાસે હકીકત નિહાળનારૂં દીલ હોય.

**તઅલીમ અને વહીની સમજુતી:**

સુરએ રઅદની ૪૩મી આયતમાં ખુદાવંદે આલમનો ઈરશાદ છે:

وَيَقُوْلُ الَّذِيْنَ كَفَرُوْا لَسْتَ مُرْسَلًا ۗ قُلْ كَفٰى بِاللّٰهِ شَهِيْدًا بَيْنِيْ وَبَيْنَكُمْ وَمَنْ عِنْدَهٗ عِلْمُ الْكِتٰبِ

*“જેઓએ કુફ્ર કર્યું છે તેઓ કહે છે કે તમો રસુલ નથી. તેના જવાબમાં તમે કહી દો કે અમારી અને તમારી વચ્ચે (મારી રિસાલતની) ગવાહી માટે અલ્લાહ કાફી છે અને તે શખ્સ કે જેની પાસે ઈલ્મુલ કિતાબ છે.”*

સુરએ હુદની ૧૭મી આયતમાં એ વાત તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે તે ગવાહ અને સાક્ષી ખુદ રસુલ (સ.અ.વ.)ના ખાનદાનમાંથી છે. ઈરશાદ થાય છે:

اَفَمَنْ كَانَ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّهٖ وَيَتْلُوْهُ شَاهِدٌ مِّنْهُ

*“જેની પાસે તેના રબ તરફથી કોઈ સ્પષ્ટ અને રોશન દલીલ છે અને જે*

*પોતાની સાથે સાથે પોતાનાઓમાંથી જ ગવાહ રાખે છે.''*

شَاهِدٌ مِّنْهُ ગવાહ તેમના ખાનદાનમાંથી હોય અથવા તેઓમાંથી હોય. અગાઉ વર્ણન થઈ ચુકયુ છે કે સુરએ બરાઅતની તબ્લીગ વિષે જનાબે જીબ્રઈલે અમીને જે પયગામ આપ્યો હતો કે આ આયતો તમે પોતે પહોંચાડો અથવા رَجُلٌ مِنْكَ તમારામાંથી એક હોય તે પહોંચાડે. ઈતિહાસ ગવાહ છે 'مِنْكَ ' ના મિસ્દાક હઝરત અલી (અ.સ.) છે. તેવી જ રીતે અહીં પણ شَاهِدٌ مِّنْهُ થી અલી (અ.સ.) જ મુરાદ છે. કારણ કે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ ઈરશાદ ફરમાવ્યું છે:

اِنَّ عَلِيًّا مِنِّىْ وَ اَنَا مِنْهُ

*'બેશક અલી (અ.સ.) મારાથી છે અને હું અલી (અ.સ.)થી છું.'*

આ આધારે સુરએ રઅદની આયતમાં એ ગવાહનો ઝિક્ર થઈ રહ્યો છે કે જેની પાસે આખી કિતાબનું ઈલ્મ છે તે હઝરત અલી (અ.સ.) છે. આ જ સિલસિલાની બે રિવાયતો જુઓ.

૧) અબુ સઈદે ખુદરીની રિવાયત છે કે મેં રસુલે ખુદા (સ.અ.વ.)થી આયત وَمَنْ عِنْدَهٗ عِلْمُ الْكِتَابِ ના વિષે પુછયું કે આનાથી મુરાદ કોણ છે? તો તેઓએ ફરમાવ્યું:

ذٰلِكَ اَخِىْ عَلِىّ بْنِ اَبِىْ طَالِبٍ عليه السلام

*'તેનાથી મારા ભાઈ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) મુરાદ છે.'*

(શવાહેદુત્તન્ઝીલ હસ્કાની ભાગ-૧ પા. ૪૦ હ ૪૨૨, યનાબીઉલ મવદ્દત ભાગ-૧ પા. ૩૦૭ પ્ર. ૩૦ હ. ૭)

૨) એહલે સુન્નતના બુઝુર્ગ આલીમ, તફસીરકાર અને લેખક જનાબ જલાલુદ્દીન સીયુતિ એ પોતાની મશ્હુર તફસીર 'દુર્રે મન્સુર ભાગ-૩ પા. ૩૨૪ માં સુ. હુદની ૧૭મી આયત (شاهد منه)ની નીચે આ રિવાયત નકલ કરી છે.

ઈબ્ને અબી હાતીમ ઈબ્ને મરદવય અને અબુ નોએમે 'અલ મઅરેફહ'માં અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)થી આ રિવાયત નકલ કરી છે કે હઝરતે ફરમાવ્યું:

'કુરૈશના દરેક મર્દ વિષે કુરઆને કરીમની અમૂક આયતો નાઝીલ થઈ છે. તે સમયે એક શખ્સે આપને પુછયું કે તમારા બારામાં કઈ આયત નાઝીલ થઈ છે? તો ફરમાવ્યું: શું તમે સુરએ હુદ નથી પઢયો. اَفَمَنْ كَانَ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّهٖ وَيَتْلُوْهُ شَاهِدٌ مِّنْهُ આ આયતમાં 'عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّهٖ' થી મુરાદ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) છે અને شَاهِدٌ مِّنْهُ થી મુરાદ હું છું.'

આ રિવાયતોથી એ વાત વધારે સ્પષ્ટ થાય છે કે જેની પાસે આખી કિતાબનું ઈલ્મ છે. એટલે કે આખા કુરઆનનું ઈલ્મ, આખી કાએનાતનું ઈલ્મ, પહેલાનું અને છેલ્લાનું ઈલ્મ છે તે ફકત હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે. આ ઉપરાંત રસુલે ખુદા (સ.અ.વ.)ની આ હદીસ કે જે ખુબજ ભરોસાપાત્ર અને મુતવાતીર હદીસોમાંથી છે.

اَنَا مَدِيْنَةُ الْعِلْمِ وَ عَلِىٌّ بَابُهَا

*'હું ઈલ્મનું શહેર છું અને અલી (અ.સ.) તેના દરવાજા છે.'*

(બેહારૂલ અન્વાર, ભાગ ૪૦, પાના ૨૦૧, હ. ૪)

૧) એક રિવાયતમાં હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું:

*'અય લોકો! એ પહેલા કે તમે મને ન પામો જે ચાહો તે પુછી લો. આ ઈલ્મનો ખઝાનો છે. આ રસુલે ખુદા (સ.અ.વ.)નું લોઆબ છે. રસુલે ખુદા (સ.અ.વ.) એ મને દાણો દાણો ખવડાવ્યો છે.'*

(તૌહીદે સદુક, પા. ૨૯૮)

૨) એક રિવાયતમાં ઈમામ જઅફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યું:

*'હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ અલી (અ.સ.)ને એક હર્ફ શીખવ્યો. જેમાંથી હજાર હર્ફ ખુલી ગયા અને વળી દરેક હજાર હર્ફમાંથી પણ હજાર હર્ફ.'*

(બેહારૂલ અન્વાર, ભાગ ૨૬, પાના ૩૦, હ. ૩૯)

હવે એ વાત બિલ્કુલ સ્પષ્ટ થઈ ગઈ કે 'તઅલીમ અને બયાને વહ્ય'માં અગર કોઈ રસુલે ખુદા (સ.અ.વ.)ના જાનશીન થઈ શકે છે તો તે ફકત હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે. સમગ્ર ઈસ્લામી ઉમ્મતમાં રસુલે ખુદા (સ.અ.વ.)ની પછીથી લઈને આજ સુધી એવું કોઈ નથી કે જેની પાસે હઝરત અલી (અ.સ.)થી વધારે કિતાબનું ઈલ્મ હોય. બલ્કે કોઈ પણ ઈલ્મમાં કોઈ પણ શખ્સ હઝરત અલી (અ.સ.)ની જેવું નથી.

અગર ખિલાફત રસુલે ખુદા (સ.અ.વ.)ની જાનશીની છે તો જાનશીનીના હોદ્દા માટે તે હોદ્દાની યોગ્ય ખાસિયતો હોવી જરૂરી છે અને તે ફકત હઝરત અલી (અ.સ.) છે.

## વિલાયતે તશરીઈમાં જાનશીની:

જ્યારે વહ્યને બયાન કરવામાં અને તેની તઅલીમમાં હઝરત અલી (અ.સ.)ની જાનશીની પ્રકાશિત દિવસની જેમ સ્પષ્ટ થઈ ગઈ તો વિલાયતે તશરીઈમાં પણ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) જ જાનશીન હોઈ શકે છે. આ વાસ્તવિકતાને પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ મયદાને ગદીરમાં ૧૮ ઝીલહજ્જ હી.સ. ૧૦માં સહાબીઓના એક મોટા મજમામાં હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને પોતાના હાથો ઉપર બલંદ કરીને ફરમાવ્યું હતું.

مَنْ كُنْتُ مَوْلَاهُ فَهٰذَا عَلِيٌّ مَوْلَاهُ

*'જેનો જેનો હું મૌલા છું તેના અલી (અ.સ.) પણ મૌલા છે.'*

અર્થાત્ જે વિલાયત અને હુકુમતનો ઈખ્તેયાર મને છે અને જે રીતે હું તમારા નફસો ઉપર તમારા કરતા વધારે અધિકાર ધરાવું છું. મારી હાજરીમાં બીજા કોઈને આ હુકુમત અને વિલાયતનો હક નથી. દરેક ઉપર મારી ઈતાઅત વાજીબ છે અને દરેક માટે મારી નાફરમાની હરામ છે. તે બધાજ અધિકારો અને ઈખ્તેયાર મારા પછી તરતજ કોઈ પણ પ્રકારના ફાસલા વગર હઝરત અલી (અ.સ.)ને પ્રાપ્ત છે.

ટૂંકમાં એ કે અગર ખિલાફતે રસુલે ખુદા (સ.અ.વ.) જાનશીની છે તો જાનશીનીની બધીજ ખુસુસીયાત અને લાયકાતો ફકત હઝરત અલી (અ.સ.)માં જ જોવા મળે છે અને ફકત તેઓ જ રસુલ (સ.અ.વ.)ના સાચા જાનશીન છે અને અગર ખિલાફત બીજા કોઈની જાનશીની હોય તો આપણે તેની સાથે શું લેવા-દેવા?

આ દુનિયામાં ઘણું બધુ થતું રહે છે. લોકો પથ્થરોને પણ પોતાના દેવતા અને ખુદા માને છે.

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ

*'આપણું કામ તો ફકત પયગામ પહોંચાડવાનું છે.'*

# હઝરત અલી બીન અબી તાલિબ (અ.સ.)ને શા માટે પયગમ્બર (સ.અ.વ.)ના વસી (વારસદાર) ગણવામાં આવે છે?

જવાબ: જેમકે આપણે પહેલા જણાવી દીધું કે શીઆઓ મક્કમ માન્યતા ધરાવે છે કે ખિલાફતનું સ્થાન વહ્ય દ્વારા મુકર્રર કરવામાં આવે છે અને રસુલે ખુદા (સ.અ.વ.) પછી ઈમામત અમૂક રીતે નુબુવ્વતની જેમ છે.

જેવી રીતે નબી (સ.અ.વ.)ની નિમણુંક ઈલાહી હુકમ પ્રમાણે થાય છે તેવીજ રીતે નબીના વસીની નિમણુંક પણ અલ્લાહ દ્વારા થાય છે.

અલ્લાહના રસુલનું જીવનચરિત્ર આ માન્યતાનો પુરાવો છે કારણકે જેમાં ઘણા પ્રસંગોએ આપ (સ.અ.વ.) એ અલી (અ.સ.) ને પોતાના ખલીફા તરીકે જાહેર કર્યા. અહીંયા આપણે તેમાંથી ફકત ૩ પ્રસંગોનું વર્ણન કરીશું.

## ૧. નુબુવ્વતની શરૂઆત

જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.)ને અલ્લાહ તરફથી એ હુકમ આવ્યો કે તેઓ તેમના નજીકના સગાઓને તવહીદની માન્યતા માટે દઅવત આપે. જે આ આયતથી સાબીત થાય છે.

وَ أَنذِرْ عَشِيرَتَكَ الْأَقْرَبِينَ

*“અને તમારા નિકટના સગાવ્હાલાઓને ડરાવો.”*

(સુરએ શુરા, આયત નં. ૨૧૪)

આપ (સ.અ.વ.) એ આ રીતે લોકોને સંબોધન કર્યું.

*‘તમારામાંથી કોણ મને આ કામમાં મારી મદદ કરશે જેથી તે મારો ભાઈ, વઝીર, ખલીફા અને વસી બને.’*

અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) જ એક એવા વ્યકિત હતા જેમણે આ ઈલાહી ફરમાન ઉપર લબ્બૈક કહ્યું. પછી અલ્લાહના નબીએ તેમના સંબંધીઓ તરફ જોઈને ફરમાવ્યું:

*‘બરેખર તે (અલી અ.સ.) તમારી દરમ્યાન મારો ભાઈ, મારો વસી અને મારો ખલીફા છે. તો તમે તેને સાંભળો અને તેની તાબેદારી કરો.’*

(તારીખે અત તબરી, ભાગ-૨, પા. ૬૨-૬૩, તારીખે અલ કામીલ, ભાગ-૨, પા. ૪૦-૪૧, મુસ્નદે એહમદ ઈબ્ને હમ્બલ, ભાગ-૧, પા. ૧૧૧, ઈબ્ને અબીલ હદીદ, શર્હે નહજુલ બલાગાહ, ભાગ-૧૩, પા. ૨૧૦-૨૧૨)

## ૨. જંગે તબુક વખતે:

રસુલે ખુદા (સ.અ.વ.) એ હઝરત અલી (અ.સ.)ને ફરમાવ્યું:

*‘શું તમે એ વાતથી સંતોષી (રાજી) નથી કે તમારો મારી સાથે તેવો સંબંધ છે જેવો સંબંધ હારૂન (અ.સ.)નો મુસા (અ.સ.)ની સાથે છે સિવાય એ કે મારા પછી કોઈ નબી નથી.’*

(સીરતે ઈબ્ને હિશ્શામ, ભાગ-૨, પા. ૫૨૦, ઈબ્ને હજર અલ અસ્કલાની, અસ સવાએકુલ મોહર્રેકા (ઈજીપ્ત બીજી આવૃતિ) કિતાબ ૯, પ્ર. ૨, પા. ૧૨૧)

કહેવાનો મકસદ એ કે જેવી રીતે હારૂન (અ.સ.) મુસા (અ.સ.)ના વસી અને તેમના ઉત્તરાધિકારી છે એવીજ રીતે તમે મારા વસી છો.

## ૩. હિજરી પછી દસમાં વર્ષમાં:

જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) હજ્જતુલ વિદાઅથી પાછા ફરતા હતા. ત્યારે ગદીરે ખુમ નામની જગ્યા ઉપર અલ્લાહના રસુલ

(સ.અ.વ.)એ ખુબજ વિશાળ હાજીઓના મજમાની સામે અલી (અ.સ.)ને મોઅમીન પુરૂષ અને સ્ત્રીઓના 'મૌલા' હોવા તરીકે ઓળખાવતા ફરમાવ્યું:

*'જેનો હું મૌલા છું, તેના આ અલી મૌલા છે.'*

અગત્યની અને નોંધપાત્ર વાત એ છે કે આપે આપના ખુત્બાની શરૂઆતમાં પ્રશ્ન કર્યો.

*'શું હું તમારા ઉપર તમારા પોતાના નફસ (જાત) કરતા વધારે અધિકાર નથી ધરાવતો?'*

અને બધા મુસલમાનોએ એકમતે 'હા' માં જવાબ આપ્યો. તેથી આ વાત નોંધવી જોઈએ કે અહીં રસુલે ખુદા (સ.અ.વ.) આ હદીસમાં શબ્દ 'મૌલા' થી મુરાદ મોઅમીન ઉપર સંપૂર્ણ અધિકાર એવો અર્થ કર્યો છે અને આપણે તારણ કાઢી શકીએ કે રસુલે ખુદા (સ.અ.વ.) એ હ. અલી (અ.સ.)ને પોતાના સ્થાન ઉપર સ્થાપિત કર્યા અને તેજ દિવસે હસ્સાન બીન સાબિતે આ ઐતિહાસિક ગદીરના બનાવ ઉપર આ પ્રમાણે અશ્આર કહ્યા.

*તેઓના નબી ગદીરે ખુમના દિવસે લોકોને પુકારે છે હવે અલ્લાહના રસુલનું ફરમાન સાંભળો.*

*પછી તેમણે જનસમુદાયને કહ્યું કે તમારો મૌલા અને વલી કોણ છે? અને તે લોકોએ ધ્યાનપૂર્વક કહ્યું:*

*તમારો રબ અમારો મૌલા છે અને તમે અમારા વલી છો અને આજે અમારામાંથી કોઈપણ તમારી નાફરમાની નથી કરતા.*

*પછી આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું: 'અય અલી! તમે ઉભા થાવ એટલા માટે કે હું આ વાતથી રાજી છું કે મારા પછી તમે ઈમામ અને હાદી છો.'*

*પછી આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું: 'જેનો હું મૌલા છું અલી તેના મૌલા છે. તમે તેના સાચા ટેકેદાર બનજો.'*

*અને પછી આપે દોઆ કરી: 'અય અલ્લાહ! તેને દોસ્ત રાખ જે અલીને દોસ્ત રાખે અને તેને દુશ્મન રાખ જે અલીને દુશ્મન રાખે છે.'*[૧]

હદીસે ગદીર મોતવાતીર હદીસ છે[૨] જે ફકત શીઆ ઓલમાઓએ બયાન નથી કરી બલ્કે ૩૬૦ સુન્ની વિદ્વાનોએ પણ નકલ કરી છે.[૩] જેના રાવીઓની સંખ્યા ૧૧૦ અસ્હાબ સુધી પહોંચે છે. ૨૬ પ્રખ્યાત મુસ્લીમ ઓલમાઓએ આ હદીસની સનદ અને રાવી બાબતે અલગ કિતાબ લખી છે.

મોહમ્મદ હસન તબરી જે મુલસમાનોના પ્રખ્યાત ઈતિહાસકાર હતા તેણે આ હદીસની સનદ અને રાવીઓ બાબતે બે દળદાર કિતાબનું સંકલન કર્યુ છે. વધારે જાણકારી માટે કિતાબ અલ ગદીર જોવી. આ લેખ કિતાબ 'ધી શીઆ રીબટસ' લેખક સૈયદ રેઝા હુસૈની નસબમાંથી લીધેલ છે જે આયતુલ્લાહ જઅફર સુબ્હાનીના નિરક્ષણ હેઠળ લખવામાં આવી છે.

---

[૧] ખ્વારઝમી અલ મલિકી, અલ મનાકીબ, પાના નં. ૮૦, સિબ્ત ઈબ્ને જવઝી અલ હનફી, તઝકેરતુલ ખવાસ અલ ઉમ્માહ, પા. ૨૦, ગંજી શાફેઈ કિફાયતુત તાલીબ, પા. ૧૭

[૨] મોતવાતીર એ હદીસ છે કે જે રસુલે ખુદા (સ.અ.વ.) અથવા મઅસુમ ઈમામ (અ.સ.)થી વારંવાર અને વિશાળ રીતે રિવાયત કરવામાં આવી હોય અને જેની સનદની સાંકળ અતૂટ અને સંપૂર્ણ હોય. જેને એક પછી એક ભરોસાપાત્ર રાવીઓએ નકલ કરી હોય.

[૩] જુઓ દા.ત. ઈબ્ને હજર અસ સવાએકુલ મોહર્રેકહ (ઈજીપ્ત, બીજી આવૃતિ, બુક ૯, પ્ર. ૨, પા. ૧૨૨)